નં. સ્ટેમ્પ-૪૫૬-૨૯૨-૨૦૦૪-૯૭૩૨

સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પસની કચેરી
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેક્ટર-૧૩ સી, ખ-રોડ,
ગાંધીનગર
તા. ૨૭-૬-૨૦૦૫

પરિપત્ર :-

અત્રેના ધ્યાન ઉપર એ બાબત આવેલ છે કે કલમ ૩૨ – ક (૧) હેઠળ મળેલ લેખોમાં નાયબ કલેકટરશ્રી ધ્વારા છ વર્ષ પછી નિયમ ૪ (૨)ની નોટીસ આપવામાં આવેલ હોય તેવા લેખો સંબંધમાં પક્ષકારો અધિનિયમની કલમ ૩૨ – ક (૪) માં આવેલ છ વર્ષની સમયમર્યાદાના આધારે ટાંકીને કલમ ૩૨ – કની કાર્યવાહીને નામદાર કોર્ટમાં રદબાતલ ઠરાવવા સ્પે.સી.એ. રજુ કરે છે.

આ બાબતે સબ રજીસ્ટારશ્રી ધ્વારા નોંધણી અર્થે રજુ થયેલ લેખો અધિ.ની કલમ ૩૨ – ક(૧) હેઠળ નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્રને રેફરન્સ કરવામાં આવે છે. અધિ.ની કલમ ૩૨ – ક(૪)મા કલેકટરશ્રી ધ્વારા લેખ સબંધમા બજારકિંમતની ચકાસણી સારૂ આપમેળે અથવા મળેલ માહિતીના આધારે છ વર્ષમાં મંગાવવા સંબંધી જોગવાઈ છે. સદર કલમ ૩૨ – ક(૪)ની જોગવાઈ કલમ ૩૨ – ક (૧) હેઠળના રેફરન્સ લેખોને લાગુ પડતી નથી, તે મુજબની સ્પષ્ટતા પેરાવાઈઝ રિમાર્કસ કે એફીડેવીટમાં કરવામાં આવતી નથી.

આ ઉપરાંત પક્ષકારો ધ્વારા છેલ્લી મળેલ નોટીસનો સ્પે.સી.એ. માં ઉલ્લેખ કરે છે. અને અગાઉ બજેલી નોટીસોનો ઉલ્લેખ કરતાં નથી. આ મુદા સંબંધમાં પણ નાયબ કલે. શ્રી ધ્વારા પક્ષકારને અગાઉ આપવામાં આવેલ નોટીસોની વિગતો પેરાવાઈઝ રિમાર્કસ કે અફીડેવીટમાં જણાવતા નથી. કલમ ૩૨–ક સંબંધી કાર્યવાહી તથા સમયમર્યાદાના મુદ્દા અંગે અત્રેના તા. ૨૦/૧૨/૨૦૦૪ના પરિપત્રથી વિગતે સુચનાઓ આપવામાં આવેલ હોવા છતાં તેનો યોગ્ય અમલ થતો હોવાનું જણાતું નથી. આ ઘણી ગંભીર બાબત છે.

વિશેષમાં જણાવવાનું કે, પંજાબ સરકાર વિરુધ્ધ મે. મહાજન સામ્રા, ગુરદાસપુરના કિસ્સામાં નામદાર સુપ્રીમકોર્ટ ધ્વારા (ચુકાદાના પેરા – ૮) ઠરાવવામાં આવેલ છે કે કલમ ૪૭ – ક (૩)માં [ગુજરાત રાજયમાં કલમ ૩૨ – ક(૪)] દર્શાવેલ સમયમર્યાદા, સબ રજીસ્ટારશ્રી ધ્વારા કલમ ૪૭ – ક(૧) [ગુજરાત રાજયમાં કલમ ૩૨ – ક (૧)] હેઠળ રેફરન્સ કરવામાં આવેલ લેખોને લાગુ પડતી નથી. (ચુકાદાની નકલ સામેલ છે) પક્ષકારો ધ્વારા કલમ ૪૭ (૨), (૩)

C:\WIN98\Desktop\Amit\Kyda branch - Amit ...

[ગુજરાતમાં કલમ ૩૨-ક(૨)(૩)] હેઠળ હાથ ધરવામાં આવેલ કાર્યવાહીને સમયમર્યાદાનો બાધ નડતો નથી. આથી સત્તાધિકારીશ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ કાર્યવાહી અધિ.ની જોગવાઈ સાથે સુસંગત છે. આથી ઉપરોક્ત ચુકાદાના સંદર્ભમાં અત્રે પણ મુંબઈ સ્ટેમ્પ અધિનિયમની કલમ ૩૨-ક(૧) હેઠળના રેફરન્સ કેસોમાં કલમ ૩૨-ક(૪)માં ઠરાવેલ છ વર્ષની સમયમર્યાદાની જોગવાઈ લાગુ પડશે નહી.

સબબ નામદાર સુપ્રીમકોર્ટ દ્વારા આપવામાં આવેલ ઉપરોક્ત ચુકાદાનો ઉલ્લેખ પેરાવાઈઝ રીમાર્કસ તથા એફીડેવીટમાં અચૂક કરવા તથા કેસની સુનાવણી વખતે સરકારી વકીલશ્રી દ્વારા પણ સદર મુદ્દા અંગે યોગ્ય રજુઆત થાય તે જોવા તમામ નાયબ કલેકટરશ્રીઓને આથી જણાવવામાં આવે છે.

—સહી—

[illegible]

સુપ્રીન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ્સ
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ,
નાયબ કલેકટરશ્રી,
સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર (તમામ)

<u>નકલ રવાના :-</u>

(૧) નોંધણી નિરીક્ષકશ્રીની કચેરી, ગાંધીનગર.
(૨) અધિક સુપ્રિ. ઓફ સ્ટેમ્પશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૩) નાયબ સુપ્રિ. ઓફ સ્ટેમ્પશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૪) નાયબ મદદનીશ સુપ્રિ. ઓફ સ્ટેમ્પશ્રી, અપીલ / લીગલ આઈ.જી.આર
(૫) ચીફ ઈન્સ્પેકટર ઓફ સ્ટેમ્પ, તપાસણી / નકશા શાખા.
(૬) સિલેકટ ફાઈલ.

રવાના કર્યુ.

અધિક સુપ્રીન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ
ગુજરાત રાજય, ગાંધીનગર